# ધી ન્યુઝલાઇન

વર્ષ : ૨૪ અંક : ૨૩૪ તા. ૦૧-૦૬-૨૦૧૮ પાનાં ૪ માલિક : જયની પબ્લીશર્સ તંત્રી : રણછોડ એન. શાહ સહ તંત્રી : રાધિકા ગંજવાલા


# સારા ચોમાસાની અપેક્ષાએ હવે ધીમો સુધારો શરૂ

ગયા અંકમાં એફએમસીજી શેરો અતિશય ઉંચા વેલ્યુએશન ઉપર હોવાનું દર્શાવેલું અને આવા અતિશય ઉંચા વેલ્યુએશનવાળા શેરોમાં હવે અલગ અલગ કારણ લાવીને શેરને એકદમ ઝડપથી ઘટાડવાની વ્યૂહરચના શરૂ થઈ છે. ગયા અંકના માર્કેટ રિપોર્ટમાં મનપસંદ બેવરેજીસનો ભાવ ખૂબ ઊંચો છે તેમ દર્શાવેલું અને તેમાં ઓડિટરનું કારણ લાવીને ભાવને રૂ. ૫૧૧ના લેવલથી તોડી રૂ. ૨૨૪ ઉપર લાવી દેવાયો છે. અગાઉ આવો ટ્રેન્ડ પીસી જ્વેલર્સમાં, વકરાંગીમાં અને તે પછી ગુરૂવારે દિલીપ બિલ્ડકોનના શેરમાં જોવાયો. દિલીપ બિલ્ડકોનમાં એકાઉન્ટન્ટે રાજીનામું આપ્યું તેનાથી શેરમાં રૂ. ૧૦૦નું ગાબડું પાડી દીધું. શેરબજારમાં જ્યારે તેજીનો મોડ હોય ત્યારે દરેક કારણ શેરને એકદમ ભડકાવવા માટે પૂરતું હોય છે અને તેવી જ રીતે અનેક શેરોમાં અત્યારે વેલ્યુએશન ગળે ના ઉતરે તેવા આવી ગયા છે અને તેથી આવું કોઈક કારણ લાવીને શેરને એકદમ ઝડપથી તેના યોગ્ય લેવલ ઉપર લાવી દેવાની નવી વ્યૂહરચના શરૂ થઈ છે અને તેથી રોકાણકારોએ અતિશય ઊંચા વેલ્યુએશનવાળા શેરોથી સાવચેત રહેવું જરૂરી છે.







સૌ પ્રથમ આંતરરાષ્ટ્રીય બજારોનો અભ્યાસ કરી લઈએ. આંતરરાષ્ટ્રીય બજારમાં આગલા અઠવાડિયા દરમિયાન ઈટાલીના રાજકીય માહોલ અને અર્થતંત્ર અંગે ગભરાટ ઉભો થતાં વિશ્વભરના શેરબજારોમાં મોટું ગાબડું પડ્યું હતું. આજથી ૩-૪ વર્ષ પહેલાં યુરોપીયન યૂનિયનના કેટલાંક દેશો ભારે આર્થિક સંકટમાં ફસાયા હતા અને તેમાં ઈટાલી અને ગ્રીસ મહત્ત્વના દેશ હતા અને તે પછી ધીરે ધીરે પરિસ્થિતિ થાળે પડી. પરંતુ ઈટાલીમાં રાજકીય અનિશ્ચિતતા ઊભી થતાં ગયા અઠવાડિયાની આખરમાં તેના શેરબજારો અને તેની સાથે સાથે વિશ્વભરના શેરબજારોમાં ગભરાટભરી વેચવાલી ઊભી થઈ ગઈ હતી. પરંતુ હવે ઈટાલીના પ્રમુખે ઈન્ટરનેશનલ મોનેટરી ફંડના ભૂતપૂર્વ

**ગ્રેફાઈટ ઈન્ડિયાના શેરમાં ઝડપી ઉછાળાની સંભાવના**

વડાને ટેમ્પરરી વડાપ્રધાન તરીકે નીમ્યા છે અને તેને કારણે રાજકીય અનિશ્ચિતતા ઘટી છે અને સેન્ટીમેન્ટમાં પણ સુધારો જોવાયો અને ઈટાલીની રાજકીય અસ્થિરતાની ચિંતા દૂર થતાં ડાઉજોન્સ અને તેની પાછળ પાછળ ભારતીય બજારોમાં ઉછાળાનો ટ્રેન્ડ જોવાયો હતો.

સામે પક્ષે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયા સાથે ડાયલોગ ચાલુ હોવાનું ટ્વિટર ઉપર દર્શાવતાં તેની પણ પોઝિટીવ અસર થઈ છે. અગાઉ ઉત્તર કોરિયા દ્વારા પોતાના અણુશસ્ત્રોનો નાશ નહીં કરવામાં આવે તેવો સંકેત અપાતાં ડોનાલ્ડ ટ્રમ્પે ઉત્તર કોરિયા સાથેની સમીટ કેન્સલ કરી નાંખી હતી. પરંતુ તે પછી બંને દેશોના અધિકારીઓ છેલ્લાં થોડાં દિવસોથી ચર્ચા કરી રહ્યા છે અને હવે જે રીતે ડોનાલ્ડ ટ્રમ્પે દર્શાવ્યું છે તે મુજબ ૧૨મી જૂને સિંગાપુર ખાતે ડોનાલ્ડ ટ્રમ્પ અને ઉત્તર કોરિયાના પ્રમુખ વચ્ચે મિટીંગ થવાના ચાન્સ હજી ઊભા છે અને આ પોઝિટીવ ડેવલપમેન્ટની અસર પણ બજાર ઉપર થઈ છે.

સામે પક્ષે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુરોપિયન યૂનિયનમાં સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉપર ટેરિફ નાંખવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. અગાઉ જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ચીન અને અન્ય દેશોમાંથી આયાત થતાં સ્ટીલ અને એલ્યુમિનિયમ ઉપર એન્ટી ડમ્પીંગ ડ્યૂટી લાદી હતી ત્યારે યુરોપિયન યૂનિયનને તેમાંથી બાકાત રાખવામાં આવેલું પરંતું હવે તે સમય પૂરો થઈ રહ્યો છે. અત્યારે અમેરિકાના કોમર્સ મંત્રાલયના અધિકારીઓ તેમજ યુરોપિયન યૂનિયનના અધિકારીઓ વચ્ચે વાટાઘાટો ચાલી રહી છે અને આગામી દિવસોમાં અમેરિકા દ્વારા યુરોપિયન યૂનિયનમાંથી આવતા સ્ટીલ ઉપર ૨૫ ટકા અને એલ્યુમિનિયમ ઉપર ૧૦ ટકા ટેરિફ લગાડવામાં આવશે અને આ ડેવલપમેન્ટ પછી અમેરિકાના સ્ટીલ શેરોમાં સુંદર ઉછાળો જોવાયો હતો.



ભારતીય બજારો અને વૈશ્વિક બજારો માટે અત્યારે મહત્ત્વનું નેગેટિવ કારણ ક્રૂડમાં ભાવ વધારો છે. ૧૭મી મેએ બ્રેન્ટ ક્રૂડમાં ૮૦.૫૦ ડોલરનું ટોપ બન્યું હતું અને તે પછી ઓપેકના દેશો ઉત્પાદન વધારશે તે સંભાવનાને કારણે બ્રેન્ટ ક્રૂડમાં લગભગ ૫ ડોલરનો ઘટાડો થયો હતો. પરંતુ ફરી એક વખત બ્રેન્ટ ક્રૂડ ૭૭ ડોલર ઉપર આવી ગયું છે. જ્યારે યુએસ ક્રૂડ અત્યારે ૬૮.૨૧ ડોલર ઉપર છે. ઓપેકના દેશો અને બિનઓપેક દેશો દ્વારા જાન્યુઆરી ૨૦૧૭થી ક્રૂડ ઉત્પાદનમાં ૧૮ લાખ બેરલ ઘટાડો કરવાની જાહેરાત કરી હતી અને અત્યારે જે રીતે બ્રેન્ટ ક્રૂડનો ભાવ ચાલી રહ્યો છે તેને કારણે ઓપેક અને બિનઓપેક દેશો ખૂબજ ખુશ છે. પરંતુ કેટલાક દેશોને આવા ઊંચા ભાવ પછી ઉત્પાદન વધારવાની ઈચ્છા થઈ ગઈ છે. પરંતુ ગયા અઠવાડિયે ઓપેક અને બિનઓપેક દેશોએ ઉત્પાદન કાપ જાળવી રાખવામાં આવશે તેવી જાહેરાત કરી અને તેમની ઉત્પાદન કાપની સંધિ ૨૦૧૮ સુધી અમલમાં છે. તેમ છતાં આ દેશોની મિટીંગ ૨૨મી જૂને વિયેના ખાતે મળી રહી છે અને તેમાં કેટલાક દેશો દ્વારા ૧૦ લાખ બેરલ ઉત્પાદન વધારવાની દરખાસ્ત મૂકવામાં આવે તેવી ગણતરી છે અને જો તે દરખાસ્ત પસાર થઈ જાય તો ક્રૂડના ભાવ થોડાંક નીચા આવી શકે.

સામે પક્ષે બ્રાઝિલમાં ઓઈલ વર્કરો દ્વારા રાષ્ટ્રવ્યાપી હડતાળ પાડવામાં આવશે અને તેને કારણે લગભગ ૨૦ ઓઈલ રિગોને અસર થવાની સંભાવના મજબૂત છે અને જો તેનાથી સપ્લાય ઘટે તો તે પાસું પણ ક્રૂડના ભાવને ભડકાવી શકે.

સામે પક્ષે ભારતીય બજારમાં અત્યારે બેતરફી તીવ્ર વધઘટનો તબક્કો ચાલી રહ્યો છે. એક તરફ ક્રૂડના ભાવ જે રીતે સતત વધી રહ્યા છે તેને કારણે ફુગાવો ફાટી નીકળે તે ભય ખૂબ મોટો છે અને સાથે સાથે વૈશ્વિક એજન્સી દ્વારા ભારતમાં જીડીપી વૃદ્ધિદર હવે ઘટીને ૭.૩ ટકા હાંસલ થશે તે સંભાવના દર્શાવવામાં આવી છે અને ક્રૂડ અને વૈશ્વિક એજન્સીના આ રેટિંગ બે મહત્ત્વના નકારાત્મક કારણ છે. પરંતુ સામે પક્ષે રાજકીય પાસું પણ એકંદરે નકારાત્મક કહી શકાય. ગયા અઠવાડિયે દેશના વિવિધ વિસ્તારોમાં ચૂંટણીઓ થઈ હતી અને આ ચૂંટણીમાં વિરોધ પક્ષો એકઠા થઈ જતાં અનેક સીટો ઉપર ભાજપની હાર થઈ છે અને આ બાબત પણ સને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીઓના પૂર્વ સંકેતરૂપ ગણી શકાય.

સારા ચોમાસાની અપેક્ષાએ અને મુખ્યત્વે રિયલ એસ્ટેટ સેક્ટરમાં હવે ધીમો સુધારો શરૂ થશે તે અપેક્ષાએ સિમેન્ટ શેરો ખાસ ધ્યાનમાં રખાય. છેલ્લાં ૪ વર્ષની મંદી પછી સિમેન્ટ ઉદ્યોગમાં હવે નવી કોઈ ક્ષમતા નથી આવતી અને જે કંપનીઓએ વિસ્તરણ પ્રોજેક્ટો શરૂ કર્યા હતા તે પ્રોજેક્ટ પણ કાર્યરત થઈ ગયા છે અને તેથી આ તબક્કે ચાલુ વર્ષ દરમિયાન નવી કોઈ ક્ષમતા કાર્યરત થવાની ગણતરી નથી. જ્યારે બીજી તરફ સિમેન્ટ યુનિટોમાં કોન્સોલિડેશન થઈ રહ્યું છે અને કેટલાંક માંદા પ્લાન્ટ અલ્ટ્રાટેક સિમેન્ટ, બિરલા સિમેન્ટ દ્વારા હસ્તગત થઈ રહ્યા હોવાથી સિમેન્ટ ઉદ્યોગ વધારે મજબૂત બનશે તેવી ગણતરી છે. જ્યારે ચૂંટણી પહેલાં સરકારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં ખૂબજ જંગી રોકાણ ચાલુ કરી દીધું છે અને તેનો એક જ દાખલો લઈએ કે નવી દિલ્હીની બહાર એક્સપ્રેસ વે જે રેકોર્ડ સમયમાં પૂરો થયો તેવા અસંખ્ય પ્રોજેક્ટો અત્યારે ચાલુ થઈ ગયા છે અને તેને કારણે સિમેન્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સોલિડ તેજીની સંભાવના છે.

ઓટોમોબાઈલ અને


શાંસ ચિટં મંટે મગજને દસેજ રંખે સેમજ ચિંસં,
અકળાંમણ, ગુસ્દેં તૂર કરે સે મંટે વૈઙંનિક ઢબે સૈયંર
થંસુા ક્રેંદવર્ડ મેગેઝીન

મગજમારી ભેજામારી

નિવૃટં લેંકેં, ગૃહિણીઍં, બંળકેં,
ચંલીદીમાં પ્રવેશી ચૂકેલંઍં મંટે
બેસ્ટ

તર બુધવંરે, કેંપી બુક કરવેં


આ ચૂંટણીઓ પછી હવે એનાલિસ્ટોની નજર મધ્યપ્રદેશ અને રાજસ્થાન વિધાનસભાની ચૂંટણીઓ ઉપર સ્થિર થશે અને તેમાં રાજસ્થાન અંગે ભાજપ માટે નકારાત્મક સેન્ટીમેન્ટ છે. પરંતુ મધ્યપ્રદેશ અંગે આ તબક્કે કહેવું મુશ્કેલ છે અને તેથી આગામી દિવસોમાં થોડીક રાજકીય અનિશ્ચિતતા પણ બજારને અસર કરતી થઈ જશે. પરંતુ આ તબક્કે સૌથી પોઝિટીવ કારણ વરસાદનું છે અને કેરાલાના દરિયાકિનારે નોર્મલ ટાઈમટેબલ કરતાં ૩ દિવસ વહેલું ચોમાસું ઓફિશિયલ રીતે શરૂ થઈ ગયું છે અને ગયા બુધવારે પણ હવામાન ખાતા દ્વારા આ વર્ષે ચોમાસું નોર્મલ હશે અને ૯૫ ટકાથી ૧૧૦ ટકાની વચ્ચે વરસાદ પડશે તેવો રિપોર્ટ આપ્યો છે અને આ ડેવલપમેન્ટ પછી ગુરૂવારે સેન્સેક્સમાં ૪૦૦ પોઈન્ટનો અને નિફ્ટીમાં ૧૩૦ પોઈન્ટનો ઉછાળો જોવાયો હતો. પરંતુ ઉપર દર્શાવ્યું તેમ અત્યારે બજાર બેતરફી તોફાની વધઘટના તબક્કામાં છે અને તેથી સેન્સેક્સ અને નિફ્ટીની ચાલને ધ્યાનમાં રાખ્યા વગર રોકાણકાર વાચકોએ એકદમ સ્ટોક સ્પેસિફિક અભિગમ રાખવો અને ૭૦-૮૦ના પીઈ રેશિયો ઉપરના શેરોમાં લાલચ રાખ્યા વગર હળવા થતું જવું ખૂબજ સલાહભરેલ છે.

એફએમસીજીના શેરોની સરખામણીમાં હજી સિમેન્ટ સેક્ટરના શેરો યોગ્ય અને ગળે ઉતરે તેવા વેલ્યુએશન ઉપર છે અને તેથી આ શેરો ઉપર ફોકસ કરી શકાય અને તેમાં ચાણક્યના વાચકોએ સૌથી વધારે ફોકસ **અલ્ટ્રાટેક સિમેન્ટ**ના શેર ઉપર જ રાખવું






સલાહભરેલ છે. અલ્ટ્રાટેક દ્વારા તાજેતરમાં સેન્ચરીના સિમેન્ટ યુનિટ હસ્તગત કરી લેવાની જાહેરાત થઈ અને અત્યારે બિનાની સિમેન્ટ અંગે જોરદાર કાનૂની વિવાદ ચાલી રહ્યા છે. પરંતુ જે રીતે ભૂષણ સ્ટીલ ટાટા હસ્તક કઈ તેવી જ રીતે બિનાની સિમેન્ટ અલ્ટ્રાટેકને મળી જાય તે સંભાવના મજબૂત છે અને આ ડેવલપમેન્ટ પછી અલ્ટ્રાટેક સિમેન્ટ ભારતની જ નહીં પરંતુ વિશ્વ સ્તરની ટોચની સિમેન્ટ કંપની બની જશે અને વિશ્વની પ્રથમ ૩ સિમેન્ટ કંપનીઓમાં તેનું સ્થાન હશે. અત્યારના રૂ. ૩૭૦૫ના ભાવે **અલ્ટ્રાટેક સિમેન્ટ**નો શેર કવર કરી શકાય. આ શેરની બુકવેલ્યુ છેલ્લાં બેલેન્સશીટ મુજબ રૂ. ૯૪૪ ઉપર છે અને તે રીતે જોઈએ તોપણ બજારભાવ-બુકવેલ્યુનો રેશિયો ૪ આસપાસ ચાલી રહ્યો છે. પીઈ રેશિયો થોડો ઊંચો છે પરંતુ સામે પક્ષે જે રીતે સિમેન્ટની માંગ વધવાની અને આ કંપનીની નવી ક્ષમતાઓ શરૂ થવાની ગણતરી છે તે જોતાં આ માર્કેટ લીડર કંપની માટે ઊંચુ વેલ્યુએશન યોગ્ય કહી શકાય.

અલ્ટ્રાટેકના રૂ. ૩૦૦૦૦ કરોડના વેચાણો સામે બીજા નંબર ઉપરની **એસીસી**નો શેર ઘણાં નીચા વેલ્યુએશન ઉપર છે. એક સમયની ટાટા ગ્રૂપની આ કંપની અત્યારે હોલસિમ ગ્રૂપ હસ્તક છે અને શેર અત્યારે રૂ. ૧૩૫૮ ઉપર મળી રહ્યો છે. બાવન અઠવાડિયામાં એસીસીએ રૂ. ૧૨૯૨નું બોટમ બતાવેલું. એટલે કે બોટમના ભાવથી લગભગ રૂ. ૬૦ જેટલો ઉપર કહી શકાય અને તેથી બોટમ ભાવે મળતાં આ શેરમાં રોકાણ વધારવાનો આવો સુંદર ચાન્સ નહીં છોડતાં. પીઈ રેશિયોની દ્દષ્ટિએ અત્યારે એસીસી લગભગ ૨૮ના પીઈ રેશિયો ઉપર મળે છે અને તે રીતે પણ શેર ખૂબજ આકર્ષક છે.








સામે પક્ષે આ ગ્રૂપની **અંબુજા સિમેન્ટ**નો શેર થોડો મોંઘો છે પરંતુ અંબુજાની કાર્યદક્ષતા ધ્યાનમાં રાખીએ તો અત્યારના રૂ. ૨૦૫ના ભાવે અને કેવળ ૧૯.૭૫ના પીઈ રેશિયો ઉપર મળતાં આ શેરમાં આંખ મીંચીને રોકાણ વધારતા જવાય. એસીસી અને અંબુજા બંને મલ્ટીનેશનલ કંપનીઓ છે અને ગમે ત્યારે ભેગી તો થઈ જ જવાની અને તે વખતે ઘણું સુંદર વેલ્યુએશન મળી શકશે. પોર્ટફોલિયો બાયની રીતે પણ **અંબુજા**નો શેર ૨ વર્ષ માટે લઈને મૂકી દો. યાદ કરશો.

સામે પક્ષે ત્રીજા નંબરનું કામકાજ ધરાવતી **શ્રી સિમેન્ટ**નો શેર હંમેશની જેમ અત્યારે પણ થોડાં ઊંચા વેલ્યુએશન ઉપર મળી રહ્યો છે. રૂ. ૧૬૬૫૩નો ભાવ લગભગ ૪૦નો પીઈ રેશિયો દર્શાવે છે. પરંતુ બાંગુર ગ્રૂપની આ કંપનીમાં વેલ્યુએશન હંમેશાં મોંઘુ રહ્યું છે અને તેનું કારણ કંપનીના પ્લાન્ટની કાર્યદક્ષતા છે. આ શેરમાં રૂ. ૧૫૬૦૦નું બાવન અઠવાડિયાનું બોટમ બનેલું અને તેથી બોટમથી થોડાં ઉંચા ભાવે મળે છે અને તેમાં ઉપરમાં રૂ. ૧૯૫૦૦નો ભાવ જોવાવાની ગણતરી છે.

**સેન્ચરી ટેક્સટાઈલ**માં હવે સિમેન્ટ બિઝનેસ અલ્ટ્રાટેકને સુપ્રત થઈ જશે અને રિયલ એસ્ટેટ બિઝનેસમાં વેલ્યુ અનલોકિંગ આવશે તે પાસાંને ધ્યાનમાં રાખીએ તો જૂનું રોકાણ જાળવી શકાય. આવા ઊંચા ભાવે નવું રોકાણ કરવાની સલાહ નથી.

રૂ. ૫૦૦૦ કરોડનું ટર્ન ઓવર ધરાવતી **પ્રિઝમ સિમેન્ટ**નો શેર ખાસ ધ્યાનમાં રખાય. આ કંપની હવે પ્રિઝમ જહોન્સન લિમિટેડ નામ ધરાવે છે અને તેનો શેર અત્યારે રૂ. ૧૧૩ ઉપર મળી રહ્યો છે. છેલ્લાં ઘણાં સમયથી નુકસાનમાં ફસાયેલી આ કંપનીને ડિસેમ્બર ક્વાર્ટરમાં રૂ. ૧૪.૮૫ કરોડનો નફો દર્શાવેલો. બાવન અઠવાડિયામાં રૂ. ૯૯નું બોટમ બનેલું અને તે રીતે પણ અત્યારનો બજારભાવ ખૂબજ આકર્ષક વેલ્યુએશન ઉપર છે અને આ શેરમાં નાનું રોકાણ કરી શકાય.

દક્ષિણ ભારતની ટોચની કંપની **ઈન્ડિયા સિમેન્ટ**માં રૂ. ૫૧૦૦ કરોડનું વેચાણ છે અને તેમાં છેલ્લાં થોડાં સમયગાળા દરમિયાન આ શેર ધીરે ધીરે ઘટીને રૂ. ૧૩૦ ઉપર આવી ગયો છે. ઈન્ડિયા સિમેન્ટમાં બાવન અઠવાડિયામાં રૂ. ૨૨૫નું ટોપ અને રૂ. ૧૨૨નું બોટમ બનેલું અને તે રીતે બોટમ ભાવથી થોડાંક ઊંચા ભાવ ઉપર છે. લોકસભાની ચૂંટણીઓ પહેલાં દક્ષિણ ભારતમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેક્ટરમાં જંગી કામકાજ થશે અને તેનો સુંદર ફાયદો **ઈન્ડિયા સિમેન્ટ** અને **રામકો સિમેન્ટ**ને મળી શકશે અને તે રીતે બાવન અઠવાડિયાના બોટમ ભાવથી સહેજ ઉપર મળતાં આ શેરમાં રોકાણ કરી શકાય.

જ્યારે **રામકો સિમેન્ટ**નો શેર અત્યારે રૂ. ૭૬૫ ઉપર મળે છે અને આ શેરમાં એપ્રિલ ૨૦૧૮માં રૂ. ૮૭૯નું ટોપ બન્યું હતું. રામકો અતિશય કાર્યદક્ષ કંપની છે અને તેની શેરમૂડી પણ ફક્ત રૂ. ૨૩.૫૬ કરોડ છે. રૂ. ૧૬૦ની બુકવેલ્યુ સામે જોઈએ તોપણ શેર અત્યારે કેવળ ૪.૭૮ના બજારભાવ-બુકવેલ્યુ રેશિયો ઉપર મળે છે અને પીઈ રેશિયોની દ્દષ્ટિએ પણ રામકોનો શેર ૩૦ના નોર્મલ પીઈ રેશિયો ઉપર મળી રહ્યો છે અને તેથી રામકોમાં રોકાણ જાળવી શકાય. રામકોમાં લગભગ ૧૫થી ૨૦ ટકા વૃદ્ધિની આવતાં મહિનાઓમાં જગ્યા છે. જ્યારે રૂ. ૧૩૦વાળા **ઈન્ડિયા સિમેન્ટ**માં વધારે ઉંચા રિટર્ન એટલે કે ૪૦-૫૦ ટકા રિટર્નની ગણતરી છે.

રૂ. ૨૦૦૦ કરોડનું ટર્નઓવર ધરાવતી **ઓરિએન્ટ સિમેન્ટ**નો શેર અત્યારે રૂ. ૧૨૭ ઉપર મળે છે. ૫૮ના અતિશય ઉંચા પીઈ રેશિયો ઉપર આ શેર છે. પરંતુ રૂ. ૫૦ની બુકવેલ્યુની સાથે સરખામણી કરીએ તો ભાવ ઘણાં જ યોગ્ય વેલ્યુએશન ઉપર ચાલી રહ્યો છે.


## PRATIKSHA CHEMICALS LIMITED

REGD. OFFICE: 3RD FLOOR, H K COMPLEX, OPP. DHARNIDHAR DERASAR, VASNA, AHMEDABAD – 380007

CIN : L24110GJ1991PLC015507 www.pratikshachemicals.in

PH : 079-26632390 E-MAIL: exports@dharapratiksha.com

**EXTRACT FROM THE STANDALONE AUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER AND YEAR ENDED ON 31.03.2018** (Rs. In Lacs)

| Sr. No | PARTICULARS | Quarter ended on 31st March, 2018 | For the year ended on 31st March, 2018 | Corresponding 3 Months Ended on 31st March, 2017 | For the previous year ended on 31st March, 2017 |
|---|---|---|---|---|---|
| | | 01.01.2018 to 31.03.2018 | 01.04.2017 to 31.03.2018 | 01.01.2017 to 31.03.2017 | 01.04.2016 to 31.03.2017 |
| 1 | Total income from operations | 195.55 | 1124.87 | 374.76 | 1417.75 |
| 2 | Net Profit / ( Loss ) for the period (before Tax, Exceptional and/or Extraordinary items) | -14.02 | 13.85 | -6.47 | 5.69 |
| 3 | Net Profit / ( Loss ) for the period before Tax (after Exceptional and/or Extraordinary items) | -14.02 | 13.85 | -6.47 | 5.69 |
| 4 | Net Profit / ( Loss ) for the period after Tax (after Exceptional and/or Extraordinary items) | -10.67 | 2.86 | -0.68 | 15.22 |
| 5 | Total Comprehensive Income for the period [ Comprising Profit/ (loss) for the period (after tax) and other Comprehensive Income (after tax)] | -10.67 | 2.86 | -0.68 | 15.22 |
| 6 | Equity Share Capital | 557.03 | 557.03 | 557.03 | 557.03 |
| 7 | Reserves ( excluding Revaluation Reserve as shown in the Audited Balance Sheet of Previous Year | 0.00 | -263.80 | 0.00 | -266.66 |
| 8 | Earnings Per Share ( of Rs. / - each ) (for continuing and discontinued operations) | | | | |
| | Basic : | -0.19 | 0.05 | -0.01 | 0.27 |
| | Diluted : | -0.19 | 0.05 | -0.01 | 0.27 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchange under Regulation 33 of SEBI (Listing and Other Disclosure Requirements) Regulation, 2015. The full Format of the financial Results are available on the Stock Exchange website (www.bseindia.com) and on the Company website ( www.pratikshachemicals.in)
2. The result of the Quarter ended on 31st March, 2018 were reviewed by the Audit Committee and approved by the Board of Director at its meeting held on 30th May 2018.

BY ORDER OF THE BOARD OF DIRECTORS ,
FOR, PRATIKSHA CHEMICALS LIMITED
SD/-
MR. UPENDRA ADHVARYU
DIRECTOR
(DIN: 00483857)

Place : Ahmedabad
Date : 30-05-2018



## DYNAMIC INDUSTRIES LIMITED

CIN : L24110GJ1989PLC011989
Regd Office :Plot No. 5501/2, Phase III, Nr. Trikampura Cross Road, G.I.D.C., Vatva, Ahmedabad - 382 445
Tel : 25897221-22-23, Fax: 25834292
Email : accounts@dynaind.com Website : www.dynaind.com

**EXTRACT OF STANDALONE & CONSOLIDATED AUDITED/UNAUDITED FINANCIAL RESULTS FOR THE QUARTER/YEAR ENDED ON 31ST MARCH, 2018.** (Rs. In Lakhs except earning per share)

| PARTICULARS | Standalone | | | Consolidated | |
|---|---|---|---|---|---|
| | Quarter Ended 31/03/2018 | Quarter Ended 31/03/2017 | Year Ended 31/03/2018 | Year Ended 31/03/2018 | Year Ended 31/03/2017 |
| Total income from operations (net) | 1807.02 | 1210.98 | 5906.02 | 5916.18 | 4885.04 |
| Net Profit / (Loss) from ordinary activities after tax | 99.26 | 48.96 | 300.26 | 305.13 | 176.96 |
| Net Profit / (Loss) for the period after tax (after Extraordinary items) | 99.26 | 48.96 | 300.26 | 305.13 | 176.96 |
| Equity Share Capital (Face Value Rs.10 Each) | 302.85 | 302.85 | 302.85 | 302.85 | 302.85 |
| Reserves (excluding Revaluation Reserve as shown in the Balance Sheet of previous year) | - | - | 4131.13 | 4136.04 | 3830.07 |
| Earnings Per Share (before extraordinary items) (of Rs.10 each) | | | | | |
| Basic | 3.28 | 1.62 | 9.91 | 10.08 | 5.84 |
| Diluted | 3.28 | 1.62 | 9.91 | 10.08 | 5.84 |
| Earnings Per Share (after extraordinary items) (of Rs.10 each) | | | | | |
| Basic | 3.28 | 1.62 | 9.91 | 10.08 | 5.84 |
| Diluted | 3.28 | 1.62 | 9.91 | 10.08 | 5.84 |

**Notes:**

1. The above is an extract of the detailed format of Quarterly Financial Results filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the Quarterly/Yearly Financial Results are available on the Stock Exchange website(http://www.bseindia.com/corporates/ann.aspx?scrip=524818%20&dur=A) and on website of the company at (http://dynaind.com/investors_zone.html).
2. The above results were reviewed by the Audit Committee and approved by the Board at their meeting held on 30th May, 2018.
3. Segment Reporting as defined in Ind AS 108 is not applicable, since the Company does not have any operating-Income.
4. Comparative figures have been rearranged/regrouped wherever necessary.
5. The figures for the quarter ended 31.03.2018 and 31.03.2017 are the balancing figures between Audited Figures for theyear ended 31.03.2018 and published year to date figures upto the third quarter ended 31.12.2017.

For, Dynamic Industries Ltd.
Sd/-
Dipakkumar Choksi
Chairman
DIN : 00536345

Date : 30th May, 2018
Place : Ahmedabad